# High Level Meeting of the L.69 Group on "Reinvigorating Multilateralism and Achieving Comprehensive Reform of the UN Security Council”

# “બહુપક્ષીયતાનું પુનઃજીવન અને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનાં વ્યાપક સુધારાને હાંસલ કરવા” પર L.69 જૂથની ઉચ્ચ સ્તરીય મીટિંગ

23 સપ્ટેમ્બર, 2022

"બહુપક્ષીયતાનું પુનઃજીવન અને સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદનાં વ્યાપક સુધારાને હાંસલ કરવા" પર L.69 જૂથનાં સભ્યો અને અન્ય આમંત્રિત સમ-વિચારક દેશોની ઉચ્ચ-સ્તરીય મીટિંદ આજે ન્યુયોર્કમાં 77મી સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાનાં અવકાશમાં યોજવામાં આવી હતી. આ મીટિંગની અધ્યક્ષતા સેંટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સનાં વડાપ્રધાન મહામહિમ શ્રીમાન રાલ્ફ ગોન્ઝાલ્વેઝ દ્વારા કરવામાં આવી હતી અને સહ-યજમાન ભારતનાં વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર હતા.

2. આ મીટિંગ સુરક્ષા પરિષદનાં વ્યાપક સુધારાને હાંસલ કરી અને છેવટે બહુપક્ષીયતાને મજબૂત કરવાની સામાન્ય મહેચ્છાથી સંગઠિત થયેલા પ્રાથમિક રીતે આફ્રિકા, લેટિન અમેરિકા અને કેરેબીયન, એશિયા અને પેસિફિકનાં વિકાસશીલ દેશો સહિત સુધારા-તરફી વલણ ધરાવતા સભ્ય રાષ્ટ્રોનાં L.69 જૂથની સ્થાપનાની 15મી વર્ષગાંઠની યાદગીરી છે. L.69 ઝૂથની વર્તમાનમાં અધ્યક્ષતા સેંટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ દ્વારા કરવામાં આવી રહી છે.

3. આજની ઉચ્ચ-સ્તરીય મીટિંગમાં, સહભાગીઓ- L.69 જૂથનાં સભ્યો અને અન્ય સુધારા તરફી વિચાર ધરાવતા દેશો એમ બન્નેએ વધારે સમાવેશક, પ્રતિભાવક અને સહભાગી આંતરરાષ્ટ્રિય શાસનનાં માળખા માટે આહ્વાન કરવા હાથ મિલાવ્યા હતા. તેઓએ સમકાલીન વૈશ્વિક વાસ્તવિકતાઓનું પ્રતિપાદન કરવા માટે સુરક્ષા પરિષદનાં તાત્કાલિક અને વ્યાપક સુધારા માટે આહ્વાન કર્યું હતું.

4. આ મીટિંગનાં સમાપન પર, સહભાગીઓ સામાન્ય સભાનાં 77માં સત્ર દરમિયાન “નવા પ્રાણ ફૂંકવા” માટે, અને સુરક્ષા પરિષદનાં વ્યાપક સુધારા હાંસલ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રનાં તમામ સભ્ય રાષ્ટ્રોને હાથ મિલાવવા આહ્વાન કરવા માટે **"કાર્યવાહી માટેનાં આહ્વાન”** સંયુક્ત સ્ટેટમેન્ટમાં જોડાયા હતા.

**ન્યુયોર્ક**
**23 સપ્ટેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.